ડિજિટલ ઈન્ડિયાના બણગા વચ્ચે ઓનલાઈન હાજરી પુરવા અરવલ્લી-સાબરકાંઠાના શિક્ષકો ડુંગરોને સહારે

મોડાસા, તા. ૧૬

કેન્દ્ર સરકાર ડિજિટલ ઈન્ડિયા અને રાજ્ય સરકાર ગતિશીલ ગુજરાત અને વાઈબ્રન્ટ ગુજરાત દાવાઓ ગાઈ વગાડીને કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ અરવલ્લી-સાબરકાંઠાના અંતરિયાળ આદિવાસી વિસ્તારો હજુ પાયાગત માળખાની સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. રાજ્ય શિક્ષણ વિભાગે ભૂતિયા વિદ્યાર્થીઓ શોધવા માટે અને શિક્ષણનું સ્તર સુધારવા પ્રાથમિક શાળાઓમાં ઓનલાઈન હાજરીની સિસ્ટમ નવા શિક્ષણિક સત્રથી અમલમાં લાવવામાં આવી છે. બંને જીલ્લામાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સુવિધા અંતરિયાળ વિસ્તારોમાં ન હોવાથી શિક્ષકો શાળાથી દૂર નેટવર્ક વાળા વિસ્તારો અને ડુંગરોના વચ્ચે આવેલા ગ્રામ્ય વિસ્તારની શાળાઓના શિક્ષકો ડુંગરો પર ચઢી હાજરી પુરાવા મજબુર બન્યા છે. હાજરી પુરવાની લાહ્યમાં બાળકોના અભ્યાસ પર માઠી અસર પડી રહી છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઓફિસમાં બેઠા બેઠા થતા પરિપત્રોથી શિક્ષકોમાં અનેકવાર વિરોધના સુર પેદા થતા હોય છે. ગુજરાતના કેટલાક વિસ્તારોની જમીની હકીકતનો અભાવ રાજ્યના શિક્ષણ વિભાગમાં હોવાનું શિક્ષકો દ્વારા અનેકવાર સોશ્યલ મીડિયા બળાપો ઠાલવતા હોય છે. હાલ ઓનલાઈન હાજરી શિક્ષકો માટે માથાના દુખાવા સમાન બની છે. અરવલ્લી-સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારો અને અરવલ્લીની ગિરિમાળાઓની તટે અને આજુબાજુ આવેલા ગામોમાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટનો અભાવ હોવાથી ઓનલાઈન હાજરી પુરવા શિક્ષકોએ શાળાથી ૩ થી ૪ કિલોમીટર દૂર બાળકોની અને શિક્ષકોની હાજરી પુરવા જવું પડે છે કેટલાક ગામડાઓના મુખ્ય શિક્ષકો ડુંગર પર ચઢી નેટવર્ક પકડવા અને હાજરી પુરાવા માટે દરરોજ મથામણ કરતા નજરે પડે છે.

ઈન્ટરનેટ નેટવર્ક ન મળતું હોવાથી ત્યાંના મુખ્ય શિક્ષકોની પરેશાનીમાં વધારો થયો છે. હાજરી પુરવા માટે શિક્ષકોને નેટવર્ક આવતો હોય તેવા વિસ્તારમાં જવું પડતું હોય છે, તેવામાં શિક્ષકો દ્વારા શાળાથી દૂર બેથી ત્રણ કિલોમીટર દૂર આવેલા ડૂંગરો ઉપર જવું પડી રહ્યું છે. તેવામાં શિક્ષકોના બેથી ત્રણ કલાક તો હાજરી પૂરવાના કામમાં જ વેડફાઈ જાય છે. કોઈપણ નવી સિસ્ટમ અપનાવવા પાછળનો હેતું માનવ જીવનને વધુ સરળ બનાવી શકાવાનો હોય છે પરંતુ સરકાર દ્વારા પહેલાથી અધુરા મેનેજમેન્ટને લઈને લીધેલા નિર્ણયથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેના જીવન પર નકારાત્મક અસર પડી રહી છે.

મોડાસાની એઇમ્સ હોસ્પિટલમાં સરકારની આરોગ્યલક્ષી સેવાઓ માટે ૩૨૦ સરપંચને અવગત કરાયા

મોડાસામાં આવેલી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રવિવારે કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની પ્રજાજનો માટે વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ જેવી કે ચિરંજીવી, બાલસખા, આયુષ્માન ભારત, મુખ્યમંત્રી અમૃતમ અને માં વાત્સલ્ય યોજના અંગે માહિતગાર કરવા માટે જીલ્લાના ૩૨૦ ગ્રામપંચાયતના સરપંચો માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્યલક્ષી સેવાઓ અંગે માર્ગદર્શન અને પ્રજાજનોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ પહોંચાડવા અને વિવિધ પ્રશ્નો ચર્ચા કરવામાં આવી હતી. સેમિનારમાં હોસ્પિટલના ડૉ. ટી.બી. પટેલ, ડૉ.મનીષ પટેલ, ડૉ. મિહિર જોષી, જગદીશ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

હાપામાં પાનની પિચકારી મારવા બાબતે ઝગડો થતા ત્રણને ઈજા

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકાના હાપા ગામે શુક્રવારે પાનની પિચકારી મારવા બાબતે થયેલા ઝગડામાં એક શખ્સે ઉશ્કેરાઈ જઈ ત્રણ જણા પર છરા વડે હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી અપાયાની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે હાપા ગામના સુરજબા રામસિંહ પરમારે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ શુક્રવારે સાંજના સુમારે તેમના પુત્ર પ્રવિણભાઈ પાનના ગલ્લે બેઠા હતા ત્યારે દર્શનસિંહ રણજીતસિંહ પરમારે આવીને એકદમ પ્રવિણસિંહ પર પાનની પિચકારી મારતા પ્રવિણસિંહે તેમને ટોક્યા હતા જેથી દર્શનસિંહે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ઘરેથી લોખંડનો છરો લઈ આવ્યા હતા.

ત્યારબાદ દર્શનસિંહે પ્રવિણસિંહને જાનથી મારી નાખવાની ધમકી આપી છરા વડે ઈજા પહોંચાડી હતી. જેથી વચ્ચે પડેલા રામસિંહ તથા કિસ્મતબાને પણ દર્શનસિંહને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી સુરજબાએ દર્શનસિંહ વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

મોડાસામાં ઈન્કમટેક્ષ દ્વારા ઓપન હાઉસ સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૧૬

કેન્દ્ર સરકારે ઈન્કમટેક્ષ મોટા ભાગની કાર્યવાહી ઓનલાઈન કરી છે ત્યારે કરદાતાઓની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે અરવલ્લી જિલ્લામાં ઓપન હાઉસ સેમિનાર યોજાયો હતો.

મોડાસાની લો કોલેજના સેમિનાર હોલ ખાતે આયોજિત ઓપન હાઉસ કાર્યક્રમમાં અમદાવાદના ઈન્કમ ટેક્ષ કમિશ્નર પ્રદીપ મલહોત્રા, સાબરકાંઠા રેન્જના એડિશનલ ઈન્કમટેક્સ કમિશનર શિવ સેવક, સાબરકાંઠા સર્કલના ઈન્કમટેક્સ અધિકારી પ્રદીપજી સહિત અરવલ્લી જિલ્લાના ઈન્કમટેક્સ અધિકારી કે.સી. દોષી ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારમાં ઉપસ્થિત તમામ અધિકારીઓએ કરદાતાઓને મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. આ સાથે જ ક્વોરી સેક્ટરમાં કેટલાક પ્રશ્નો ઉદભવતા હતા. જે ઈન્કમટેક્સના અધિકારીઓએ તેનું નિરાકરણ કરવા માટે આગળ રજૂઆત કરવાની વાત કરી હતી. આ સેમિનારમાં અરવલ્લી કેડાઈના પ્રમુખ અને મોડાસા નાગરિક સહકારી બેંકના ચેરમેન કમલેશ પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ સહીત જીલ્લાના વિવિધ સંગઠનો જેવા કે વેપારી સંગઠન, ક્વોરી સંગઠન, મેડિકલ એસોસિએશન તેમજ બિલ્ડર એસોસિએશનના હોદ્દેદારો અને સદશ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા પ્રદેશ ભાવસાર સમાજનો સ્નેહ મિલન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૧૬

વસંતલાલ મંગળદાસ ભાવસાર અમદાવાદના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયું. જેમાં મુખ્ય મહેમાનસ્થાને શંકરલાલ ગીરધરદાસ ભાવસાર તલોદ અમૃતલાલ ભોગીલાલ ભાવસાર, ચેતન વાડીલાલ ભાવસાર, વસંતલાલ રતિલાલ ભાવસાર સરડોઈ ઉપસ્થિત રહેલ હતા.

આ સ્નેહમિલન સમારોહમાં હિંગળાજ માતાજીનુ હવન રાખેલ જેમાં યજમાન તરીકે માનાંક રાજેન્દ્રકુમાર ભાવસાર હતા. બપોરે ચાર વાગે સમાજના તેજસ્વી તારલાઓને શિલ્ડ અને પુરસ્કાર આપી સન્માન કરાયેલું. વિશિષ્ટ પદો પર સન્માનિત અતિથિઓનું બહુમાન કરવામાં આવેલ. સમાજના પ્રમુખ હર્ષદભાઈ કેશવલાલ ભાવસારે આપેલ પ્રવચનમાં સમાજના સંગઠન થકી સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ તથા શિક્ષણને વેગવંતુ બનાવવા હાકલ કરેલ હતી. રાત્રે મહાપ્રસાદના કાર્યક્રમ ત્યારબાદ સમાજના મહિલા મંડળ દ્વારા ભવ્ય અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયેલ જેમા મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધેલ હતો. આજના કાર્યક્રમને સફળ બનાવવા સમાજના પ્રમુખ હર્ષદકુમાર કેશવલાલ ભાવસાર મંત્રી પ્રકાશ ઈશ્વરલાલ ભાવસાર ઉ. પ્રમુખ જયેશકુમાર સોમાલાલ ભાવસાર તથા ઉપપ્રમુખ સુરેશકુમાર ચંદુલાલ ભાવસાર અને સમાજની બધી પાંખોએ ભારે જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તસવીર : મેહુલ જોષી

અરવલ્લી જિલ્લામાં વાતવરણમાં પલટા સાથે બર્ફીલા પવનોથી શીતગારમાં ફેરવાયું

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી શિયાળાની ઋતુએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોઈ અને બર્ફીલા પવનોથી દિવસભર અનુભવાતી ગાત્રો થીજાવતી ઠંડી રાત્રી બાદ કાતિલ સ્વરૂપમાં રૂપાંતરિત થતા જાણે શહેરમાં કુદરતી કરફ્યુ લાદયો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. રવિવારે વહેલી સવારે શીત લહેરી પવનો સાથે વાતાવરણમાં એકાએક પલટો આવતા આકાશે વાદળો ઘેરાતા માવઠાની દહેશત પેદા થતા એરંડા અને જીરુંનું વાવેતરણ કરનાર ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ હતી.

મોડાસાની સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ તરીકે નિલેશ જોષીની વરણી

મોડાસા, તા. ૧૬

મોડાસા શહેરમાં સતત ૬ દાયકાથી મોડાસા પંથકમાં શિક્ષણની જ્યોત દીપાવનાર સરસ્વતી બાલ મંદિર મંડળની શ્રી વી.એસ શાહ પ્રાથમિક શાળા રત્નદીપ શાખામાં યોજાયેલી ૬૪મી જનરલ સભામાં સર્વાનુમતે સામાજિક કાર્યકર અને જીવદયા પ્રેમી નિલેશભાઈ જોષીની ચતુર્થ ટર્મ માટે પસંદગી કરવામાં આવી હતી. મોડાસા શહેરના નગરજનોએ વર્ષો જૂની શૈક્ષણિક સંસ્થાના યુવા પ્રમુખ નિલેશભાઈ જોષી દ્વારા ત્રણ ટર્મ સંસ્થાની રત્નદીપ બાલ મંદિર અને ડીપ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાને આપેલ પ્રદાન માટે ચોથી ટર્મ માટેની વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

મોડાસા શહેર, રાજ્ય દેશ પરદેશમાં તબીબો, શૈક્ષણિક તજજ્ઞો, વકીલથી લઈ વિવિધ ક્ષેત્રે આ સંસ્થાના વિદ્યાર્થીઓ નામ રોશન કરી રહ્યા છે. હાલ સંસ્થાની બંને શાખામાં જરૂરિયાત મંદ અને ગરીબ વિદ્યાર્થીઓને નજીવા દરે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ જેવી સુવિધાઓ અને ઉચ્ચ શિક્ષણ આપવામાં માટે સતત સરસ્વતી બાલમંદિર મંડળના હોદ્દેદારો અને સભ્યો પ્રયત્નશીલ છે. જનરસભાનું સફળ આયોજન સંસ્થાના ઉપ પ્રમુખ નાન્હાલા પ્રજાપતિ, હરિહર ઉપાધ્યાય, મંત્રી વિનોદ પટેલ, નરેન્દ્ર ગાંધી, મુકુંદ શાહ,નવનીત પરીખ દ્વારા જનરલ સભાનું સફળ આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સંસ્થાના સદશ્યો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા.

ભિલોડા પોલીસ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો-ફરતો આરોપી દબોચ્યો

ભિલોડા,તા.૧૬

ભિલોડા પોલીસ ધ્વારા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો-ફરતો ભિલોડા-શામળાજી પોલીસ સ્ટેશનનો આરોપી બાતમીના આધારે પોલીસએ બુધરાસણ-પહાડા ધોરીમાર્ગ ઉપરથી ઝડપી લીધો હતો. પોલીસએ ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી હતી. ડીસેમ્બર માસ દરમ્યાન નાસતા ફરતા આરોપીઓને જાણે કે પકડવાની ખાસ ઝુંબેશ રાખવામાં આવી છે. આરોપીઓને પકડવાની ઝુંબેશ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશન પો.સ.ઈ. એ.જે.ચૌહાણ, એમ. આર. સંગાડાએ પોલીસની જુદી-જુદી ટીમો બનાવી વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી લેવા માટે સઘન તપાસ હાથ ધરી છે. ભિલોડા પોલીસ સ્ટેશન થર્ડ ગુ.ર.નં. ૫૦૮૪/૦૧૫ પ્રોહી ઍક્ટ કલમ ૬૬ બી, ૬૫ એઈ, ૧૧૬ બી મુજબ અને શામળાજી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૮૭/૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૦૭ વિગેરે ગુનાઓમાં સંડોવાયેલો આરોપી જીવાભાઈ હકરાભાઈ હોથા, રહેવાસી. પાલીસોડા, તા. વિછીવાડા, જી. ડુંગરપુર (રાજસ્થાન)નો આરોપી છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એ.જે.ચૌહાણ, પો.સ.ઈ. એમ. આર. સંગાડા, પોલીસ સ્ટાફ તેમજ કે.ડી. બ્રહ્મભટ્ટ પો.સ.ઈ. પેરોલ ફ્લો સાથે બાતમીના આધારે વર્ષોથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા માટે વોચ ગોઠવવામાં આવી હતી. બુધરાસણ-પહાડા ધોરીમાર્ગ ઉપરથી આરોપીને દબોચી લીધો હતો. ભિલોડા પોલીસને છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપીને ઝડપી લેવામાં સફળતા મળેલ છે. પોલીસએ નાસતા ફરતા આરોપીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત સરકાર ધ્વારા રાજ્યભરમાં નાસતા ફરતા આરોપીઓની સંખ્યા વધુ હોવાની માહિતીના આધારે સુચના અપાતાં રાજ્યના પોલીસ વિભાગના વડાઓ ધ્વારા વર્ષોથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવાના આદેશ કરાતાં ઠેર-ઠેર વર્ષોથી નાસતા ફરતા આરોપીઓને દબોચી લઈ પોલીસએ વધુ કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓને ઝડપી લેવાની ઝુંબેશ સંદર્ભે પોલીસ તપાસ દરમ્યાન અન્ય અનેક ગુનાઓના ભેદ ઉકેલાવાની સંભાવના સેવાઈ રહી છે.

મેઘરજ ખાતે અરવલ્લી જનજીવન અને રાષ્ટ્રીય શોષિત પરિષદના સંયુક્ત ઉપક્રમે સેમીનારમાં યોજાયો

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકા મથકે કોમ્યુનિટી હોલમાં આદિવાસીઓના બંધારણીય જોગવાઈ અંગેનો એક દિવસનો સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ડો. જે.સી. પટેલ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના ડાયરેક્ટર ડૉ. સુભાષ પાંડોર ગુજરાત વિદ્યાપીઠના સમાજશાસ્ત્ર વિભાગના ડીન. ડૉ . સંજય પટેલ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રોફેસર. ડો.જયંતીભાઈ બામણિયા.ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજના પ્રાધ્યાપક વગેરે હાજર રહ્યા હતા. જેમને આદિવાસી અધિકારો વિશે ઉંડાણપુર્વક ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આદિવાસી વિસ્તારોમાં અનુસુચિત પાંચ અને છ નો અમલ કરાવવા અપીલ કરી હતી. આવનારી ગ્રામસભાઓ સામે રૂઢિગત ગ્રામસભાઓ યોજવાની વાત કરી હતી.

મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલો શખ્સ પકડાયો

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીના ગુનામાં નાસતા ફરતા શખ્સને બાતમીને આધારે શુક્રવારે એલસીબીએ આરટીઓ સર્કલ નજીકથી પકડી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

તાજેતરમાં હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં એક ઈસમે મોબાઈલ ચોરાયાની ફરીયાદ નોંધાવ્યા બાદ તે અંગે તપાસ આદરી હતી. દરમ્યાન શુક્રવારે એલસીબીને એવી બાતમી મળી હતી કે મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલો એક શખ્સ શુક્રવારે હિંમતનગરના આરટીઓ સર્કલ નજીક આવ્યો છે જે આધારે એલસીબીએ વોચ ગોઠવીને શકના આધારે અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલ અલઅજીજ ડુપ્લેક્ષમાં રહેતા અબ્દુલહક ઉર્ફે સમીર અબ્દુલ રહીમ મેવને ઝડપી લઈ તેની પાસેથી પોલીસે રૂ. ૫૭ હજારની કિંમતના ૮ ચોરાયેલા મોબાઈલ કબજે લઈ વધુ તપાસ માટે એલસીબીએ તેને હિંમતનગર ગ્રામ્ય પોલીસને હવાલે કર્યો હતો.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

સામે હતો.એમણે તાજેતરની ચૂંટણીઓમાં એ સુપેરે નિભાવ્યો.

એનડીએના સાથીઓ સાથ છોડતા થયા

ભાજપના નેતૃત્વવાળા એનડીએના સાથી પક્ષો સાથ છોડવા માંડ્યા અથવા તો ખુલ્લેઆમ વડાપ્રધાન મોદી અને ભાજપની ટીકા કરતા થયા.કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા સાંસદો કે

આભાર - નિહારીકા રવિયા ધારાસભ્યો સ્વગૃહે પરત ફરવા માંડ્યાનાં ઘણાં ઉદાહરણ મહારાષ્ટ્રમાં મળ્યાં છે. હમણાં જ મિઝોરમમાં કોંગ્રેસના મુખ્યમંત્રી લાલ થનહવલાને ઘરભેગા કરીને મુખ્યમંત્રીપદે ફરીને આરૂઢ થઈ રહેલા ઝોરામથંગાનો મિઝો નેશનલ ફ્રન્ટ પક્ષ એનડીએમાં હોવા છતાં તેમણે ભાજપનું મિઝોરમમાં કોઈ કામ નહીં હોવાનું અને તેમને ભાજપના એક ચૂંટાયેલા ધારાસભ્યના ટેકાનો પણ ખપ નહીં હોવાનું સ્પષ્ટ કર્યું છે.એમનું કહેવું છે કે મિઝોરમ ખ્રિસ્તી બહુલ રાજ્ય છે અને ભાજપ અમને સદે નહીં.ભાજપના ચૂંટાયેલા સભ્ય લાલ થનહવલાની કોંગ્રેસ સરકારમાં રહેલા બૌદ્ધ ચકમા એવા બુદ્ધ ધન ચકમા છે. મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં ભાજપના મિત્ર પક્ષ શિવસેનાના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરે અને તેમના સાંસદ તંત્રી સંજય રાઉત છાસવારે મોદી અને ભાજપની જ નહીં મહારાષ્ટ્ર અને કેન્દ્રની સરકારની ટીકા કરતા રહે છે.એમણે લોકસભા ચૂંટણી ભાજપથી અલગ લડવાનો ઠરાવ પણ પક્ષમાં કરાવી લીધો છે. બિહારના કેન્દ્રના મંત્રી અને આરએલએસપીના સુપ્રીમો ઉપેન્દ્ર કુશવાહાએ પણ હમણાં કેન્દ્ર સરકારમાંથી રાજીનામું આપીને કોંગ્રેસના વડપણવાળા યુપીએ ભણી ગતિ કરવાના સંકેત આપ્યા છે. તેમણે તો વડાપ્રધાનના નેતૃત્વને પડકાર્યું છે.આરપીઆઈના વડા રામદાસ આઠવલે કેન્દ્રમાં મંત્રી છે પણ મહારાષ્ટ્રમાં અને કેન્દ્રમાં સરકાર સામે નિવેદનોનાં ઉંબાડિયાં કરતા રહે છે.અગાઉ તેઓ શરદ પવારની મહારાષ્ટ્રની કોંગ્રેસ સરકારમાં મંત્રી હતા.લોક જનશક્તિ પાર્ટીના રામવિલાસ પાસવાન પણ પવન જોઈને દિશા બદલવા માટે દ્રમુક કે અન્નાદ્રમુકની જેમ કુશળ છે. લોજપા,દ્રમુક અને અન્નાદ્રમુક એ ત્રણેય પક્ષો એનડીએ અને યુપીએ સરકારોમાં સાથી રહ્યા છે.તેઓ ગમે ત્યારે પલટી મારવા માટે જાણીતા છે. વાત માત્ર રાજનેતાઓ પૂરતી સીમિત નથી. જહાજ ડૂબતું લાગે ત્યારે ઉંદરડા સૌથી પહેલાં ભાગે છે.મોદી સરકારે નિયુક્ત કરેલા કેટલાક અધિકારીઓ અથવા નિવૃત્તો પણ સરકારમાંથી રાજીનામાં આપવા માંડ્યા છે.સ્વયં મોદી સરકારે નિયુક્ત કરેલા રિઝર્વ બેંકના ગવર્નર અને રિલાયન્સના પૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રી ઉર્જિત પટેલ ઉપરાંત સુરજિત ભલ્લા જેવા કેટલાક ટોચના આર્થિક સલાહકારો કે મોદી સરકારની વિવિધ ઉચ્ચ સમિતિઓમાં રહેલા મહાનુભાવો પણ સરકાર સાથે છેડો ફાડતા રહ્યા છે.

દેશમાં ૩૨માંથી ભાજપના માત્ર ૧૨ મુખ્યમંત્રી

ભારતમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશો છે. ૨૯ રાજ્યો ઉપરાંત બે કેન્દ્રશાસિત પ્રદેશો દિલ્હી અને પુડુચેરીમાં વિધાનસભા અને મુખ્યમંત્રીનો હોદ્દો છે. મે ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તામાં આવ્યા પછી પ્રત્યેક રાજ્યમાં પોતાના રાજ્યપાલ કે નાયબ રાજ્યપાલ નિયુક્ત કરનાર ભાજપ વર્ષ ૨૦૧૭ સુધી તો દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં ભગવો લહેરાવવાનો દાવો કરતો હતો.જોકે એનાથી સાથી પક્ષો છૂટા થતા રહ્યા એટલું જ નહીં, મોટાભાઈ તરીકેની કથિત જોહુકમીને કારણે કેટલાક સાથી પક્ષો એનડીએનો સાથ છોડી ગયા અથવા તો જોડાણમાં રહીને પણ શિવસેનાની જેમ ખુલ્લેઆમ તેની નીતિરીતિ સામે વિરોધ કરતા રહ્યા છે.આજે દેશનાં ૩૨ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશો ધારાસભા ધરાવે છે. એ ૩૨માંથી માત્ર ૧૨ રાજ્યોમાં ભાજપના મુખ્યમંત્રી છે! કોંગ્રેસ કે અન્ય પક્ષોમાંથી પક્ષપલટો કરાવીને પોતાના પક્ષમાં જોડીને રાજ્યોની વિધાનસભાઓમાં બહુમતી કરવાની ભાજપની ફાવટ પણ સારી છે. અરુણાચલ પ્રદેશ, આસામ, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, મણિપુર, ત્રિપુરા, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ આ રાજ્યોમાં પણ મિત્ર પક્ષો સાથે ભાજપ સરકાર ચલાવે છે. ગોવા અને મણિપુરમાં તો સૌથી મોટા પક્ષ તરીકે કોંગ્રેસ ચૂંટાયા છતાં ભાજપે સરકાર રચી હતી.આ કવાયતમાં પોતીકા રાજ્યપાલોની ભૂમિકા મદદરૂપ થતી હોય છે.ભારતનાં બાર સિવાયનાં તમામ રાજ્યો અન્ય પક્ષો દ્વારા શાસિત છે.લોકસભાની ચૂંટણી આવતાં સુધીમાં તો સત્તા અને વિપક્ષના મોરચાઓમાં ઘણા બધા ફેરફાર જોવા મળશે.જોકે મોદીના નેતૃત્વવાળા વીસ કરતાં વધુ પક્ષોના એનડીએ સામે કોંગ્રેસ,ટીડીપી, દ્રમુક સહિતના વીસ કરતાં વધુ પક્ષોનું મહાગઠબંધન ટકરાશે એ નિશ્ચિત. શક્ય છે કે એ વેળા તેલંગણના મુખ્યમંત્રી કેસીઆરનો ત્રીજો મોરચો પણ બને.ભાજપ અને સંઘ પરિવાર વચ્ચે દેખાડા પૂરતું રામમંદિર કે અન્ય મુદ્દે વિવાદનું વાતાવરણ બતાવવામાં આવે તો પણ સંઘ પોતાના બાળક સમા ભાજપનાં હિતોની રક્ષા માટે સક્રિય રહે તે સ્વાભાવિક છે.કોંગ્રેસ પાસે પંજાબ પછી જનતાદળ (સેક્યુલર) સાથે કર્ણાટક તેમજ બટુક કેન્દ્રશાસિત પુડુચેરી પછી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ આવતાં આવતા દિવસોમાં લોકસભાની ચૂંટણીમાં ખરાખરીનો જંગ જોવા મળશે.

- haridesai@gmail.com

ગણતરીમાં ગાંધીનગર...

● છેલ્લા પાનાનું ચાલુ

પરણવાની ઉંમર ન ધરાવતા બાળકો અથવા તો સગપણ સંબંધ ન થયા હોય એવા સંતાનો આ પરિવારમાં છે. ગામ અને શહેર આ બન્નેની વિશેષતા ઘણા લોકો એવી વ્યક્ત કરે છે કે શહેરમાં વિભક્ત કુટુંબ હોય જ્યારે ગામડામાં સંયુક્ત કુટુંબ હોય પરંતુ આંકડા દર્શાવે છે કે આ આદર્શ હવે રહ્યો નથી. ગ્રામીણ સમાજને પણ આધુનિકતાની અસર લાગી ગઈ છે એમ કહી શકાય. અલબત્ત ઉચ્ચ શિક્ષણ મેળવેલા ગ્રામીણ યુવક-યુવતીઓ રોજગારના કારણે શહેરમાં સ્થળાંતરીત થઈને વસ્યા હોય એવી શક્યતા છે. ઉપરાંત ગ્રામીણ યુવતીઓ લગ્ન બાદ શહેરી સાસરીએ સ્થળાંતર પામી હોય એ પણ શક્ય છે. પણ આ શક્યતાઓ ગામડું એટલે સમરૂપ સામાજિક એકમની રૂઢ પરંપરાને બદલાવી રહ્યું છે એની ચર્ચા આવતા લેખમાં કરીશુ.

લાંબુ અને અઘરું...

● છેલ્લા પાનાનું ચાલ

મંત્રાલય દ્વારા દિવાળીના સંદર્ભે કયુ અભિયાન શરૂ કરાયુ હતુ ?, સુભાષચંદ્ર બોઝ એવોર્ડ કોને એનાયત કરાશે ?, નિવૃત્ત થયેલ આઈએનએસ વિરાટ વિમાનવાહક કયા રાજ્યમાં તરતુ સંગ્રહાલય બનશે ?, રાજ્યમાં પ્રથમ હેવી વૉટરપ્લાન્ટની સ્થાપના ક્યાં કરાઈ હતી ?

કાંચીપુરમનું કૈલાસનાથ મંદિર કઈ શૈલીના મંદિરોનું આરંભિક ઉદાહરણ છે ?, આદિવાસી પ્રજા તથા દિગંબર જૈન સમાજની સંસ્કૃતિના સમન્વયરૂપ રેવડીનો મેળો ક્યાં યોજાય છે ?, હુડીસા કયા વિસ્તારનું શૌર્યગાન છે ?.

વાતગ્ર એ હવાનો કેટલા કી.મી. પહોળો વિસ્તાર છે ?, ભરૂચ અને શુકલતીર્થ વચ્ચે કઈ ઉપનદી નર્મદાને મળે છે ? મેઘરાજાની છડીનો ઉત્સવ મેળો ક્યાં થાય છે ?, ભારતના એટર્ની જનરલનું મહેનતાણુ કોણ નક્કી કરે છે ?, રાષ્ટ્રપતિના રાજીનામાની જાણ ઉપરાષ્ટ્રપતિ પ્રથમ કોને કરશે ?, વિદેશી મુદ્રાના ભંડોળનું સંચાલન કોણ કરે છે ?, પઠાર નૃત્ય ક્યાં થાય છે ?, વાઘેલા વંશની રાજધાનીનું નામ ?, નવમી અને દસમી સદી દરમ્યાન આધુનિક દ. ગુજરાત માટે કયો શબ્દ પ્રયોજાતો હતો ?

આજના પ્રશ્નપત્રમાં ગણિતની પહેલીઓ પણ પરીક્ષાર્થીઓને મુંઝવી ગઈ હતી. ૧૨.૪૮ કલાકે ઘડિયાળનો કલાક કાંટો તેના મિનિટ કાંટા કરતાં કેટલા ડીગ્રી પાછળ હશે ? જેવા પ્રશ્નો પણ પુછાયા હતા.

ત્રણેય મુખ્યમંત્રીઓ...

● પહેલા પાનાનું ચાલુ

કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી પદની દોડમાં બઘેલ પહેલા નંબર ઉપર ચાલી રહ્યા હતા. મધ્યપ્રદેશ અને રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે કોણ રહેશે તેને લઈને પણ ભારે કવાયત ચાલી હતી. બંને રાજ્યોથી છત્તીસગઢનો નિર્ણય વધારે મુશ્કેલરુપ રહ્યો હતો. કારણ કે અહીં બે નહીં પરંતુ ચાર-ચાર દાવેદાર હતા. આખરે ભુપેશે બાજી મારી હતી. ભુપેશ પણ આવતીકાલે જ શપથલેનાર છે. ખેડૂત પરિવાર સાથે જોડાયેલા ભુપેશ રાજકીય વર્તુળોમાં પોતાના આકમક વલણના કારણે ઓળખાય છે. ૯૦ સીટોની છત્તીસગઢ વિધાનસભામાં કોંગ્રેસના ૬૮ સભ્યો જીત્યા છે.